જૂન-૨૦૧૯ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી "નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ અને નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં વધારાના નોન ગ્રાન્ટેડ વર્ગો" શરૂ કરવાની પરવાનગી માટે દરખાસ્ત રજૂ કરવા જોગ.

# જાહેરાત

**જૂન-૨૦૧૯ થી** શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી જે ટ્રસ્ટ/સંસ્થા /કંપની નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૬ થી ૮) સ્થાપીને પ્રાથમિક શિક્ષણ આપવા માગતી હોય તેવા ટ્રસ્ટ/સંસ્થાઓ/કંપની આ કચેરીની વેબ સાઈટ http://newschool.orpgujarat.com ઉપરથી અરજી પત્રક (નમૂનો-૧) અપલોડ કરી અને પ્રિન્ટ કરી આધારો સાથે તા.૨૮/૦૨/૨૦૧૯ થી તા. ૧૧/૦૩/૨૦૧૯ સુધીમાં જે તે જિલ્લાના જિલ્લા અધિકૃત અધિકારીશ્રી એટલે કે જિલ્લા પંચાયતો વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગરપાલિકા/મહાનગર પાલિકા તથા કેન્ટોનમેન્ટ વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. આ અરજીની હાર્ડ કોપી **તા.૧૨/૦૩/૨૦૧૯** સુધીમાં જે તે જિ.શિ.અધિ./જિ.પ્રા.શિ.અધિ.ની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

**અરજી ફીઃ** નવી ખાનગી પ્રાથમિકશાળા/નવી ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળા શરૂ કરવા માટે (ધોરણ-૧ થી ૫ ની મંજુરી મળેલ હોય અને પ્રથમવાર ધો. ૬ અથવા ૬, ૭ અથવા ૬,૭,૮ શરૂ કરવા માટે) અરજી સાથે **રૂ.૨૫,૦૦૦/-** અને વધારાના /ક્રમિક વર્ગો ખોલવાની અરજી સાથે દરેક વર્ગ દીઠ **રૂ.૫,૦૦૦/-** ની ફી રકમ "**0202-01-પ્રાથમિક શિક્ષણ-800- અધર રીસીપ્ટ**" સદરે સરકારી તિજોરીમાં જમા કરાવી ચલનની અસલ પ્રત સંબંધિત અરજી સાથે જોડવાની રહેશે. આ ફી ની રકમ કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.**ધોરણ- ૧ થી ૫ ની પ્રાથમિક શાળા અને ધોરણ- ૬ થી ૮ ની ઉચ્ચ પ્રાથમિક શાળા અલગ-અલગ એકમ ગણાશે.તેથી જો બંને વિભાગ માટે અરજી કરવાની હોય તો અલગ-અલગ વિભાગ દીઠ રૂ.૨૫,૦૦૦/- ફી ભરવાની રહેશે.**

**અરજી કોણ કરી શકશેઃ** મુંબઈ સાર્વજિનક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦(સન-૧૯૬૦ના ૨૧માં) હેઠળ રજિસ્ટર્ડ થયેલ મંડળી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા કંપની અધિનિયમ-૧૯૫૬ (સન-૧૯૫૬ના પહેલા) ની કલમ-૨૫ હેઠળ રજિસ્ટર્ડ થયેલી હોય એવી સંસ્થા અરજી કરી શકશે. વેબ સાઇટ પર શાળાની માન્યતાના માપદંડો, અરજી સાથે રજુ કરવાના આધાર વગેરેની માહિતી મુકવામાં આવેલી છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી અરજી કરવા જણાવવામાં આવે છે.

નવી શાળા શરૂ કરવા અંગેઃ શાળા શરૂ કરવા માગતા શાળા ટ્રસ્ટ/સંસ્થા/કંપનીએ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોઃ૧૯૪૯ ના નિયમ-૧૦૬ હેઠળ તેમજ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(આર.ટી.ઈ.એકટ)-૨૦૦૯ની કલમ-૧૯ અને ૨૫ હેઠળ શાળા માટે નિયત થયેલા ધોરણ અને માપદંડ મુજબ જરૂરી મકાન, સ્ટાફ, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય અને રમતના મેદાન સહિત ખેલકૂદની સાધન સામગ્રી હોવી જરૂરી છે.

તા. ૨૮/૦૨/૨૦૧૯<br>
**સ્થળઃ** ગાંધીનગર

(ડાૅ.એમ.આઈ.જોષી)<br>
પ્રાથમિક શિક્ષણ નિયામક<br>
ગુ.રા.ગાંધીનગર